# સારાંશ

# ટોરેન્ટ પાવર લીમીટેડ – સુરત સપ્લાય એરિયા

## કેસ નંબર- ૧૯૨૭/૨૦૨૧

**પુર્વભૂમિકા**

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ)રેગ્યુલેશન્સ ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ ટીપીએલ-ડી આ અરજી માનનીય કમીશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

1. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે એઆરઆરનું ટ્રુ-અપ અને નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ નફા/નુકશનની વહેંચણી
2. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆરનું નિર્ધારણ
3. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની ખાદ્ય/પુરાંતનુ નિર્ધારણ
4. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે વિજદરનુ નિર્ધારણ

**નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ટ્રુ અપ**

૧.૨ માનનીય કમિશને નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ટીપીએલ-ડીના સુધારેલ એઆરઆરની મંજુરી ૨૪ એપ્રિલ ૨૦૧૯ ના એમટીઆર ઓર્ડર (કેસ નંબર ૧૭૬૫/૨૦૧૮)દ્વારા આપી છે. જે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેના અનુમાનો પર આધારિત હતા. એઆરઆરની મંજુરી નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારિત છે.

૧.૩ ટીપીએલ-ડી જીઇઆરસી (મલ્ટીયરટેરીફ) રેગ્યુલેશન્સ ૨૦૧૬ મુજબ માનનીય કમિશનના ૨૪ એપ્રિલ,૨૦૧૯ ના એમટીઆર ઓર્ડરના (કેસ નંબર ૧૭૬૫/૨૦૧૮)આધારે ટ્રુ-અપ માટેની અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-ડીએ એઆરઆરના ટ્રુ-અપ માટે નીચેના માપદંડ ધ્યાનમાં લીધા છે:

a) વીજળીની ખરીદીના મિશ્રણ, જથ્થા અને કિંમતમાં થતા ફેરફારના કારણે વીજળીની ખરીદ ખર્ચમા થતો બદલાવ
b) ફીક્સડ ખર્ચો જેમ કે ઓ એન્ડએમ ખર્ચ, ઘસારો, વ્યાજ ખર્ચ, ઇકવીટી પર મળવપાત્ર નફો, ઘાલખાધ, આવકવેરો અને નોન-ટેરીફ આવકમાં થતા બદલાવ
c) નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને નફા/નુકશાનની વહેંચણી

૧.૫ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે વીજળીની જરુરીયાત વાસ્તવિક વેચાણ અને વાસ્તવિક વીજ વિતરણ લોસ પર આધારિત છે. સુરત પુરવઠા વિસ્તારનુ વેચાણ ૩૨૮૬.૦૧ એમયુ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે વાસ્તવિક વીજ વિતરણ લોસ ૩.૪૩ ટકા થયેલ છે.

૧.૬ ટ્રુઙ-અપ એઆરઆરની ગણતરી વાસ્તવિક ખર્ચાઓ અને ૨૪ એપ્રિલ,૨૦૧૯ ના એમટીઆર ઓર્ડર (કેસ નંબર ૧૭૬૫/૨૦૧૮) મુજબ મંજુર કરેલ ખર્ચાને ધ્યાને લઇ કરવામાં આવી છે. કિંમત, જથ્થા અને મિશ્રણમાં થતા બદલાવને કારણે વીજળીની ખરીદ કિંમતમાં થતો ફેરફાર અનિયંત્રિત છે અને તે મુજબ તે એઆરઆરમા લેવામાં

આવેલ છે. પરંતુ, કાર્યક્ષમતાના માપદંડમા થતા ફેરફારના કારણે ખર્ચાઓમાં થતો ફેરફાર નિયંત્રિત છે અને તેના લીધે થતા નફાને જીઇઆરસી (મલ્ટીયરટેરીફ) રેગ્યુલેશન્સ ૨૦૧૬ મા ઉલ્લેખવામાં આવેલ નફા/નુકસાનની વહેંચણી પધ્ધતિના આધારે, એઆરઆરમા ગણતરીમા લેવામા આવેલ છે. સુરતના સપ્લાય વિસ્તારનો વીજ વિતરણ લોસ મંજુર થયેલા વિતરણ લોસની સરખામણીમાં ઘટેલ છે. આવા લોસમા થયેલ ઘટાડાને કારણે થયેલ ફાયદાની વહેંચણી જીઇઆરસી (મલ્ટીયરટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ અનુસાર કરવામાં આવેલ છે.

૧.૭ સુરત સપ્લાય વિસ્તારના ફીક્સડ ખર્ચઓ જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ, ઘસારો, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર, ઘાલખાધ, આવકવેરો અને નોન-ટેરીફ આવકને દરેકનાં નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોના વર્ગીકરણનાં આધારે ટ્રુ-અપ કરવામાં આવેલ છે. એ પ્રમાણે નફા/નુકશાનની વહેંચણી કરી, એઆરઆરનું ટ્રુ-અપ કરવામાં આવેલ છે. આ રીતે ટ્રુઇંગ-અપ કરેલ એઆરઆરને નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાંણાકિય વર્ષ ૨૦૧૯-૨૦માટે સુરત સપ્લાય વિસ્તારનું ટ્રુ અપ કરેલ એઆરઆર**

| રૂ.કરોડમાં | | |
|---|---|---|
| એમટીઆર આર્ડર મુજબ એઆરઆર | (એ) | ૨૦૭૪.૩૪ |
| અનિયંત્રીતપરિબળોને કારણે નફો/(નુકશાન) | (બી) | (૧૬૫.૮૩) |
| નિયંત્રીતપરિબળોને કારણે નફો/(નુકશાન) | (સી) | ૬.૧૨ |
| ટેરીફ તરીકે પાસ-થ્રુ | ડી=-(બી+૧/3 સી) | ૧૬૩.૭૯ |
| ટ્રુ-અપ એઆરઆર | ઇ= એ+ડી | ૨૨૩૮.૧૩ |

૧.૮ ટીપીએલ-ડી જણાવવા માંગે છે કે જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના વર્ષોની ખાધ/(પુરાંત)ની વસૂલાત માનનીય કમિશનના ૨૪ એપ્રિલ,૨૦૧૯ ના ઓર્ડર અને ૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના ઓર્ડર (માનનીય ટ્રીબ્યુનલના ૯ જૂન ૨૦૨૦ ના ચુકાદા સાથે) ના ઓર્ડર મુજબ રુ ૧૧૩.૪૬ કરોડ ધ્યાને લીધેલ છે. અરજદારે રજુ કરેલ છે કે માનનીય કમિશન દ્વારા પાછલા વર્ષોની નામંજુર કરેલ કેરીંગ કોષ્ટને માનનીય ટ્રિબુનલના ચુકાદા પ્રમાણે સંપૂર્ણપણે વસૂલવાની મંજુરી આપવી જોઇએ. તે મુજબ, અરજદારે કેરીંગ કોષ્ટને ધ્યાનમાં લીધેલ છે.

૧.૯ નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે સુરત સપ્લાય વિસ્તારની ખાધ/(પુરાંત)ની સંક્ષિપ્તમાં માહિતી નીચે દર્શાવેલ કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૨: નાંણાકિય વર્ષ ૨૦૧૯-૨૦ માટે સુરત સપ્લાય વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)**

| રૂ.કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| ટ્રુડ-અપ એઆરઆર | ૨૨૩૮.૧૩ |

| રુ. કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| | |
| વિજળીના વેચાણથી થતી આવક | ૨૩૨૬.૧૫ |
| બાદઃ જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના વર્ષોનીખાધ/(પુરાંત) | ૧૧૩.૪૬ |
| **બાકીની આવક** | **૨૨૧૨.૬૯** |
| | |
| **ખાધ/(પુરાંત)** | **૨૫.૪૪** |

૧.૧૦ ટીપીએલે માનનીય કમિશનને ઉપરની ગણતરી મુજબ એઆરઆરની અને આવકની ખાધ/(પુરાંત) મંજુર કરવા માટે અરજ કરેલ છે.

**નાંણાકિય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆર**

૧.૧૧ માનનીય કમિશને ૨૨ ડિસેમ્બર, ૨૦૨૦ના ઓર્ડર દ્વારા યુટીલીટીને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ના સિદ્ધાંતો અને પદ્ધતિના આધારે નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના એઆરઆર અને વીજદર નિર્ધારણ માટેની અરજી કરવા નિર્દેશ કરેલ છે. તે મુજબ અરજદારે જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ની જોગવાઇઓ અનુસાર સૂરત સપ્લાય વિસ્તાર માટે નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના એઆરઆર અને વીજદર નિર્ધારણ માટેની અરજી દાખલ કરેલ છે.

૧.૧૨ અંદાજીત એઆરઆર ના અનુમાનો નીચે મુજબ:

એ) પાછલા દાયકાની સરખામણીમાં મંદ પડેલા વૃદ્ધિદરને ધ્યાને લઇ વીજ વેચાણ અંદાજવામાં આવેલ છે. ઔદ્યોગિક એકમોનું વ્યવસાયિક એકમમાં રૂપાંતર અને પર્યાવરણના નિયમો તથા સંબંધિત ખર્ચને અનુલક્ષીને ઔધોગીક એકમોના સ્થળાંતરની વીજ વેચાણ પર અસર થયેલ છે. વધુમાં, રુફટોપ સોલર તેમજ પ્રવર્તમાન કોવીડ-૧૯ની પરીસ્થિતીની નકારાત્મક અસરને પણ ધ્યાને લીધેલ છે. ટીપીએલએ વીજવેચાણનો અંદાજો રજુ કરેલ છે.

બી) સૂરત સપ્લાય એરિયા માટે વીજ વિતરણ લોસ અને ઓ એન્ડ એમ ખર્ચને નિયંત્રણ સમયગાળા માટેની લંબાવેલ ટ્રેજેક્ટરી અનુસાર અંદાજવામાં આવેલ છે.

સી) વીજ જરુરીઆત ટીપીએલ-જી(એપીપી), સુજેન, ઉનોસુજેન , પુન:પ્રાપ્ય (રીન્યુએબલ) ઉર્જાસ્ત્રોતો, દ્વિપક્ષીય કરાર અને પાવર એક્ષચેન્જ દ્વારા પૂરી કરવા દરખાસ્ત કરેલ છે.

ડી) રીન્યુએબલ પરચેઝ ઓબ્લીગેશન(આરપીઓ) કરાર આધારીત રીન્યુએબલ સ્ત્રોતોમાંથી વીજ ખરીદી કરીને પાર કરવાનું પ્રસ્તાવિત કરેલ છે.

ઇ) સુરત સપ્લાય એરિયા માટે ઇએચવી યોજનાઓમાં રૂ.૧.૨૦ કરોડ, રૂ. ૩૭.૪૦ કરોડ એચટી નેટવર્ક યોજનાઓમાં, એલટી નેટવર્ક ખર્ચ યોજનાઓમાં રૂ.૩૫.૫૪ કરોડ, મીટરીંગ, વીજ પુરવઠા કેન્દ્રો, આઇટી અને કોમ્યુનિકેશન, સલામતી, વગેરે તરફ રૂ.૮૭.૨૦ કરોડ ના મૂડી ખર્ચ રજુ કરેલ છે.

એફ) ઘસારો, વ્યાજ ખર્ચ, કાર્યકારી મૂડી પરનો વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર, વગેરેની ગણતરી જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ અનુસાર કરવામાં આવી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે સુરત સપ્લાય એરિયા માટે નિર્ધારીત એઆરઆર નીચેના કોષ્ટકમા આપેલ છે.

**કોષ્ટક ૩: નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે સુરત સપ્લાય એરિયાની એઆરઆર**

| રુ.કરોડમાં | નાંણાકિય વર્ષ ૨૦૨૧-૨૨ |
|---|---|
| પાવર પરચેઝ | ૧૬૯૫.૨૨ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૧૪૯.૦૧ |
| ઘસારો | ૭૮.૪૬ |
| વ્યાજ ખર્ચ | ૩૫.૫૯ |
| કાર્યકારી મૂડી પર વ્યાજ | - |
| એસડી પર વ્યાજ | ૧૫.૮૮ |
| ઘાલખાધ | ૦.૫૧ |
| આકસ્મિક અનામત | ૦.૪૦ |
| ઇક્વિટી પર મળવાપાત્ર વળતર | ૧૦૩.૬૬ |
| આવક વેરો | ૨૨.૧૯ |
| ઓછું: બિન-ટેરિફ આવક | ૧૦.૨૪ |
| એઆરઆર | **૨૦૯૦.૬૯** |

**નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માટેની ખાધ /(પુરાંત)નું વિશ્લેષણ ઃ**

૧.૧૩ બેઉ એફપીપીપીએ સાથેના વીજ વેચાણથી થતી આવકને ધ્યાને લઇ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની ખાધ/(પુરાંત) તારવવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૪: નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે સુરત પૂરવઠા વિસ્તારના આવકની ખાધ**

| રુ.કરોડમાં | |
|---|---|
| એઆરઆર | ૨૦૯૦.૬૯ |
| બાદ ઃ | |
| પ્રવર્તમાન વીજદર સાથેના રુ.૧.૩૮ પ્રતિ યુનીટ ના બેઉ એફપીપીપીએથીથતી આવક સહીત વીજળીના વેચાણથીથતી આવક | ૨૧૦૦.૫૭ |
| | |
| | |

| રુ.કરોડમાં | |
|---|---|
| નેટ ખાધ/(પુરાંત) | (૯.૮૮) |

ટીપીએલ માનનીય કમિશનને ઉપર દર્શાવેલ ખાધ/(પુરાંત)ને મંજુર કરવા રજુઆત કરેલ છે.

૧.૧૪ ટીપીએલએ તેના અમદાવાદ/ ગાંધીનગર અને સુરત સપ્લાય વિસ્તાર માટે જીઇઆરસી (ડિમાન્ડ સાઇડ મેનેજમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૨ અનુસાર બનાવીને ડીએસએમ પ્લાનને માનનીય કમિશન સમક્ષ રજુ કરેલ છે. માનનીય કમિશને સુરત સપ્લાય વિસ્તાર માટે રુ.૫.૭૦ કરોડ મંજુર કરેલ છે. આ બાબતે, ટીપીએલ-ડી નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ડીઇએલપી પ્રોગ્રામ અંતર્ગત રૂ ૦.૫૪ કરોડનો ખર્ચ કરેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ થી શરુ થતા સમયગાળા માટેની ડીએસએમ યોજના માટે અરજદાર માનનીય કમિશન સમક્ષ અલગથી રજુઆત કરશે.

૧.૧૫ ટીપીએલએ માનનીય કમિશનને મંજુર કરેલ/નિર્દિષ્ટ કરેલ પદ્ધતિ મુજબ કેરીંગ કોષ્ટ ગણેલ છે. તે મુજબ, ટીપીએલ-ડીએ માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની ખાધ/(પુરાંત) ઉપરાંત માનનીય કમિશનને મંજુર કરેલ/નિર્દિષ્ટ કરેલ પદ્ધતિ મુજબ કેરીંગ કોષ્ટ સહીત ઉપરોક્ત બાકી રહેતા નાણા ધ્યાને લેવા દરખાસ્ત કરેલ છે.

૧.૧૬ ઉપર મુજબ આમ કુલ ખાધ રુ.૨૯.૯૩ કરોડ થાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેના દર નિર્ધારણ કરવા માટે આવકનો ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૫: નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના દર નિર્ધારણ માટે સુરત પૂરવઠા વિસ્તારના આવકની સંચિત ખાધ/(પુરાંત)**

| રુ.કરોડમાં | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ખાધ/(પુરાંત) | ૨૫.૪૪ |
| વ્યાજ ખર્ચ (કેરીંગ કોષ્ટ) | ૧૩.૮૩ |
| ડીએસએમ | ૦.૫૪ |
| | |
| નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ની ખાધ/(પુરાંત) | (૯.૮૮) |
| | |
| **વીજદરમારફતેવસુલવાયોગ્ય સંચિત ખાધ/(પુરાંત)** | **૨૯.૯૩** |

૧.૧૭ અરજદારે રજુ કરેલ છે કે રુ.૨૯.૯૩ કરોડની સંચિત ખાધ મુખ્યત્વે પાછલા વર્ષોની બાકી રહેલ વસૂલાતના કારણે છે. તેથી, ટીપીએલએ વીજ દરમાં વધારો સૂચવેલ નથી અને આ સંચિત ખાધની વસુલાત નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં વસૂલવાનો પ્રસ્તાવ કરેલ છે.

૧.૧૮ અત્રે નોંધનીય છે કે ટીપીએલ-ડીના વિજદર છેલ્લે નાંણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં વધારવામાં આવેલા. ત્યારથી, ફુગાવાનું દબાણ હોવા છતાં, ટીપીએલ તેનો ખર્ચ ઓપરેશનલ કાર્યક્ષમતા મારફતે પ્રબંધ કરી રહ્યું છે. નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે પણ ટીપીએલ-ડીએ, વીજદરમા

કાયમી વધારો સૂચવેલ નથી અને પાછલા વર્ષોની બાકી રહેલ સંચિત ખાધની વસૂલાત રેગ્યુલેટરી ચાર્જ દ્વારા કરવાનો પ્રસ્તાવ કરે છે. રેગ્યુલેટરી ચાર્જની મંજૂરી પાછલા વર્ષોની બાકી રહેલ વસૂલાતનો બોજો દૂર કરવા અને ટીપીએલને પાવરની ગુણવત્તા, વિશ્વસનીયતા અને ગ્રાહક સેવાના ઉચ્ચસ્તરો જાળવવી રાખવા તેમજ તેમાં વધુ સુધારો કરવા અનિવાર્ય છે.

૧.૧૯ વધુમાં, માનનીય કમશિન/ માનનીય ટ્રિબ્યુનલ સમક્ષની બાકી રહેલ કાર્યવાહી સંબંધિત ખાધ/કેરીંગ કોષ્ટને રૂા.૨.૨૧ પ્રતી યુનીટના નિયંત્રિત એફપીપીપીએ અંતર્ગત વસૂલવા માટે પ્રસ્તાવિત કરેલ છે.

દાદ઼ઃ

૧.૨૦ ટીપીએલએ હાલની અરજી નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ટ્રુઇંગ-અપ, નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે વચગાળાની સમીક્ષા અને નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે સુરત સપ્લાય વિસ્તાર માટેના વીજ દર નિર્ધારણ માટે દાખલ કરેલ છે.

૧.૨૧ હકીકતો અને સંજોગોના આધારે, ટીપીએલએ માનનીય કમિશનને નીચે મુજબ અરજી કરેલ છે:

એ) નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ટ્રુઇંગ-અપ, નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆર અને નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના વીજ દર નક્કી કરવા માટેની પીટીશન ની સ્વીકૃતી.

બી) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ટ્રુ-અપ ખાધ/(પુરાંત) નિયમના ફેરફારના લીધે અસર સાથે મંજુરી.

સી) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ટીપીએલ-ડી(એસ) દ્વારા પ્રસ્તાવિત નફા/નુકશાનની વહેંચણીની મંજુરી.

ડી) નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેના એઆરઆરની મંજુરી.

ઇ) સંચિત ખાધ/(પુરાંત)ની મંજુરી.

એફ) વ્હીલીંગ એઆરઆર અને એને અનુરૂપ વીજ વહન માટેના દરની તા. ૧ લી એપ્રિલ, ૨૦૨૧ થી અમલ થવાની મંજુરી

જી) નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના દરખાસ્ત મુજબ રીટેલ ટેરીફ દ્વારા અથવા રેગ્યુલેટરી ચાર્જની વસુલાતની મંજુરી

એચ) અરજદાર દ્વારા માનનીય ટ્રીબ્યુનલ/માનનીય કમિશનમાં કરેલી અરજી/સમીક્ષાઓના નિર્ણયો અનુસાર ખર્ચાઓની વસુલાત માટેની મંજુરી.

આઇ) ભવિષ્યમાં અરજીમાં ઉમેરો/સુધારા/ફેરફાર/બદલાવો માટેની પરવાનગી.

જે) અરજી કરનારને કાર્યવાહી દરમ્યાન અસરકારક પ્રસ્તુતી માટે સમયાનુસાર જુરી દલીલો અને દસ્તાવેજો ફાઇલ કરવા માટેની પરવાનગી.

કે) માનનીય કમીશનને યોગ્યલાગતી અન્ય રાહત, આદેશ અથવા નિર્દેશોની વિનંતિ

એલ) કોઇપણ અજાણતા થયેલી ગફલત/ભૂલ/તફાવત/ખામીઓ ની માફી

*(નોંધ:ગુજરાતી અનુવાદ મુળ અંગ્રેજી નકલ પર આધારિત છે. અર્થઘટન માટે અંગ્રેજી નકલ પ્રમાણિત ગણાશે.)*